દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૧૨ મે, ૨૦૨૬

અમેરિકાએ UFO ફાઈલો ખુલ્લી મૂકી: પરગ્રહવાસીઓનું રહસ્ય ઉકેલાશે ખરું?

આપણી પૃથ્વી સિવાય બ્રહ્માંડમાં અન્ય કોઇ સ્થળે, અન્ય કોઇ ગ્રહ પર જીવસૃષ્ટિ છે કે નહીં? તે લાંબા સમયથી માણસ માટે એક કુતૂહલનો વિષય રહ્યો છે. પરગ્રહ પરથી કેટલાક સજીવોએ પૃથ્વીની મુલાકાત લીધી હોય તેવી અટકળો અને દાવાઓ પણ થતા રહ્યા છે. વર્ષો પહેલા તો ઉડતી રકાબીનો મુદ્દો ભારે ચર્ચિત બન્યો હતો. રકાબી જેવા આકારના અવકાશયાનોમાં બેસીને પરગ્રહવાસીઓ પૃથ્વી પર આવે છે એવી વાતો ઘણી વહેતી થઇ હતી. ઘણા લોકોએ પોતે આ ઉડતી રકાબીઓ જોઇ હોવાના દાવા પણ કર્યા. જો કે કોઇ દાવાઓની નક્કર પુષ્ટિ થઇ શકી નહીં. બાદમાં આ ઉડતી રકાબીઓને UFO (અનઆઇડેન્ટિફાઇડ ફ્લાઇંગ ઓબ્જેક્ટ્સ) એવું નામ આપવામાં આવ્યું, એટલે કે ઓળખી નહીં શકાયા છે તેવા ઉડતા પદાર્થો. કેટલાક લોકો, ખાસ કરીને અમેરિકનોનો એક વર્ગ એવી શંકા કરે છે કે અમેરિકાનું લશ્કર આ ઉડતી રકાબીઓ અને પરગ્રહના લોકોનું રહસ્ય જાણે છે પરંતુ તે જાહેર કરતું નથી. લાંબા સમયથી ચાલતા ગણગણાટ અને ચર્ચાઓ પછી અમેરિકાના સંરક્ષણ વડામથક પેન્ટાગોન દ્વારા તેની પાસે આ અંગે જે પણ કંઇ માહિતી છે તે જાહેર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો અને હાલમાં તેના દ્વારા આ માહિતીની ૧૬૧ ફાઇલો જાહેર જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી છે.

પેન્ટાગોન દ્વારા UFO પર જાહેર કરવામાં આવેલા નવા દસ્તાવેજોમાં પૃથ્વી પરના નાગરિકો અને ચંદ્ર પરના અવકાશયાત્રીઓ દ્વારા જોવામાં આવેલા અજાણ્યા પદાર્થોના વર્ણનનો સમાવેશ થાય છે. દાયકાઓ જૂના આ દસ્તાવેજોને ડિક્લાસિફાય (બિન-ગોપનીય) કરવામાં આવ્યા છે અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્દેશ પર શુક્રવારે ઓનલાઇન મૂકવામાં આવ્યા હતા. ટ્રમ્પે આ વર્ષની શરૂઆતમાં કહ્યું હતું કે તેઓ લોકોમાં જોવા મળતા ભારે રસને ધ્યાનમાં રાખીને આ ફાઇલો જાહેર કરશે. તાજેતરના વર્ષોમાં અમેરિકામાં પરગ્રહી જીવન (એલિયન લાઇફ) પ્રત્યે જાહેર જનતાનો રસ ફરી વધ્યો છે. 2022 માં, કોંગ્રેસે UFOs પર 50 વર્ષમાં પ્રથમ વખત સુનાવણી હાથ ધરી હતી અને સૈન્યએ આ બાબતે વધુ પારદર્શિતા રાખવાનું વચન આપ્યું હતું. હાલમાં સંરક્ષણ વિભાગની વેબસાઇટ પર 161 ફાઇલો ઉપલબ્ધ છે, અને હજુ વધુ ફાઇલો જાહેર થવાની બાકી છે. ફાઇલોની આ રજૂઆત ભૂતપૂર્વ પ્રમુખ બરાક ઓબામાના એ નિવેદન પછી આવી છે, જેમાં તેમણે ફેબ્રુઆરીના એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે એલિયન્સ છે, પરંતુ મેં તેમને જોયા નથી. આ નિવેદનને કારણે લોકોમાં ભારે કુતૂહલ જાગ્યું હતું. જો કે, ઓબામાએ પાછળથી તેમના નિવેદન પર સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે આંકડાકીય રીતે જોતા અવકાશમાં ક્યાંક જીવન હોવાની શક્યતા છે, પરંતુ પ્રમુખ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન તેમને આ અંગે કોઇ પુરાવા મળ્યા નહોતા. ત્યારબાદ તે જ મહિનામાં, ટ્રમ્પે પેન્ટાગોનને "એલિયન અને પરગ્રહી જીવન, અજ્ઞાત હવાઇ ઘટનાઓ (UAP) અને અજાણી ઉડતી વસ્તુઓ (UFOs) ને લગતી ફાઇલો જાહેર કરવાનો આદેશ આપ્યો હતો. હાલમાં બહાર આવેલી ફાઇલોમાં દાયકાઓ જૂના સૈન્ય મેમો, એપોલો મૂન મિશનના અહેવાલો અને એવા વ્યક્તિઓના નિવેદનો શામેલ છે જેઓ દાવો કરે છે કે તેમણે એવી ઉડતી વસ્તુઓ (UFO) જોઇ છે જે પરગ્રહની હોવાની શંકા સેવાઇ રહી છે.

આ ફાઇલોમાં 1960 અને 1970ના દાયકામાં એપોલો 11, એપોલો 12 અને એપોલો 17 ચંદ્ર મિશન પર ગયેલા અવકાશયાત્રીઓની કેફિયતની અગાઉ ગુપ્ત રાખવામાં આવેલી લેખિત નકલો છે. એપોલો 11 મિશનના પ્રખ્યાત અવકાશયાત્રી બઝ એલ્ડ્રિને શુક્રવારે પ્રકાશિત થયેલા 1969 ના એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેમણે ચંદ્રની મુસાફરી દરમિયાન કેટલીક અકલ્પનીય ઘટનાઓ જોઇ હતી. તેમણે કહ્યું, "મેં પ્રકાશનો એક અત્યંત તેજસ્વી સ્રોત જોયો જેમને અમે કામચલાઉ રીતે સંભવિત લેઝર તરીકે ગણાવ્યો હતો. ઘણા લોકોએ પૃથ્વી પર પણ પોતે રહસ્યમય વસ્તુઓ જોઇ હોવાના દાવા કર્યા હતા તેમના નિવેદનો પણ ફાઇલોમાં સાચવવામાં આવ્યા છે. એક ફાઇલ દર્શાવે છે કે 1957માં FBI સાથેના ઇન્ટરવ્યુમાં એક વ્યક્તિએ જણાવ્યું હતું કે તેણે જમીન પરથી એક મોટું, ગોળાકાર વાહન ઉપર તરફ જતું જોયું હતું. આ ઉપરાંત, સપ્ટેમ્બર અને ઓક્ટોબર 2023ના એવા ઇન્ટરવ્યુ પણ છે જેમાં યુએસ નાગરિકો તેજસ્વી પ્રકાશમાંથી બહાર આવતી હવામાં તરતી ધાતુની વસ્તુઓ વિશે માહિતી આપે છે. આ ફાઇલોમાં મધ્ય પૂર્વમાં યુએસ સૈન્ય દ્વારા લેવામાં આવેલી વિડિયો ક્લિપ્સનો પણ સમાવેશ થાય છે, જે 2022 ના સમયની છે. ઇરાક, સીરિયા અને યુનાઇટેડ આરબ અમીરાત (UAE) ના ફૂટેજ એવી વસ્તુઓ દર્શાવે છે જેને પેન્ટાગોનની વેબસાઇટ "અનરિઝોલ્વ્ડ અનઆઇડેન્ટિફાઇડ એનોમલસ ફિનોમેના" (વણઉકેલાયેલી અજાણી વિચિત્ર ઘટના) તરીકે ઓળખાવે છે. જો કે અત્યાર સુધી કોઇ આવી અજાણી વસ્તુ કે જીવના ઠોસ પુરાવા પકડી શકાયા નથી. બની શકે કે કેટલીક બાબતો કાયમ રહસ્ય જ રહેવા માટે સર્જાઇ હોઇ શકે છે.

સાચો માર્ગ

એક દિવસ બોધિસત્વ પાસે એક શિષ્ય આવ્યો અને કહ્યું, 'ભગવન હું આશ્રમમાં નવો નવો આવ્યો છું.જીવનનો સાચો સર્થ સમજવા મારે ક્યાં માર્ગ પર ચાલવું તે મને સમજાવો જેથી હું હંમેશા સાચે રસ્તે ચાલુ...'બોધિસત્વએ કહ્યું, 'આજે જ આવ્યો છે ?'શિષ્યએ કહ્યું, 'હા ભગવન, વહેલી સવારે અહીં પહોંચ્યો છું.'બોધિસત્વએ કહ્યું, 'તારી કુટીર વસ્ત્રો, વાસણો બધું મળી ગયું અને આશ્રમના નિયમો સમજી લીધા??'શિષ્ય બોલ્યો, 'હા ગુરુજી.'બોધિસત્વએ આગળ પૂછ્યું, 'આજે નાસ્તામાં ખીર બની હતી તે ખાધી??'શિષ્યએ કહ્યુ, 'હા ગુરુજી, બહુ સ્વાદિષ્ટ ખીર હતી.'બોધિસત્વએ તરત પૂછ્યું, 'ખીર ખાઈ લીધા પછી તે બાઉલ ધોઈ લીધો? શિષ્યએ તરત કહ્યું, 'હા, હા, મેં તરત ધોઈ લીધું.'બોધિસત્વએ કહ્યું, 'બસ તો બધું બરાબર છે તું સાચા માર્ગ પર ચાલે છે. આ જ માર્ગ પર ચાલતો રહેજે.'શિષ્યને કઈ સમજાયું નહિ શિષ્ય હજી કઈ પૂછવા જાય તે પહેલા બોધીસત્વએ પોતાના પટ્ટશિષ્યને કહ્યું, 'હું બરાબર કહું છું ને??'પટ્ટશિષ્ય બોલ્યા, 'હા ભગવન તમે જે કહો છો તે બરાબર છે.'શિષ્ય સાંજે પેલા પટ્ટશિષ્ય પાસે ગયો અને બોલ્યો, 'તમે ગુરુજીની બધી વાતો સમજી શકો છો પણ મને તો તેમને શું સમજાવ્યું તે બરાબર સમજાયું નહિ, હું હજી આજે જ આવ્યો છું તો મને બરાબર માર્ગ કઈ રીતે ખબર હોઈ શકે??'પટ્ટશિષ્યએ કહ્યું, 'તું સાચા માર્ગ પર હોઈશ તો જ ગુરુજીએ એમ કહ્યું હશે કે તારો માર્ગ બરાબર છે.આજે તું અહીં શીખવા આવ્યો...બધા નિયમ સમજી લીધા... નાસ્તો કર્યો અને પછી બાઉલ પણ ધોઈ લીધો એટલે જે કામ પછી જે કામ કરવાનું હોય તે બરાબર કર્યું છે. જીવનમાં પણ આમ બહુ લાંબુ વિચારવાનું કે ગોઠવણી કરવાની કે ભવિષ્યની ચિંતા કરવાને સ્થાને એક પછી એક જે કામ સામે આવતા રહે તે કરતા રહેવામાં જ સમજદારી છે.'શિષ્ય બોલ્યો, 'એટલે ??'પટ્ટશિષ્યએ કહ્યું, 'ઘણા લોકો જીવનમાં આમ કરશું કે તેમ કરશું એમ વિચારતા રહે છે પણ કરતા નથી... ઘણા કરે છે પણ વચ્ચે અટકી જાય છે... ઘણા આગળ શું થશે તેની ચિંતામાં કશું જ કરતા નથી તેના સ્થાને એક પછી એક જે કામ સામે આવતા જાય તે કરતા જવામાં સમજદારી છે.આજે તે તેમ કર્યું છે અને આગળ પણ જે દિશામાં આગળ વધવું હોય તે દિશમાં એક એક પગલું આગળ વધતો રહેજે એ જ જીવનનો સાચો માર્ગ છે.ગુરુજીએ તને સાચું જ કહ્યું છે.'પટ્ટશિષ્યએ નવા શિષ્યના મનની દુવિધા દુર કરી.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

શિક્ષણમાં અમેરિકાની નકલ કરવા કરતાં યુરોપમાંથી પ્રેરણા લેવી વધારે સારી

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

ગીતા ભણાવો, યોગ શિખવાડો, સંસ્કાર શિક્ષણ આપો, ઉત્સવો યોજો એવો દેખાડો કરીએ છીએ પણ વાસ્તવમાં અંગ્રેજી માધ્યમમાં માત્ર વ્યવસાયલક્ષી હેતુથી જ બાળકોને ભણાવાય છે

વેકેશન હવે છેલ્લા તબક્કામાં છે. ચોમાસું ઉનાળાને પલાળી ગયું છે. જૂન મહિનો માતા-પિતા માટે જાલીમ હોય છે. કારણ કે હવે આપણે ત્યાં શાળાઓ ખૂલે છે કે બજાર. એ હવે નક્કી કરવું મુશ્કેલ છે. શિક્ષણ મોંઘું થતું જાય છે. ખાસ તો પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં આપણે સાવ જ વિદેશી થતાં જઈએ છીએ. નાનાં-નાનાં ગામડાં, તાલુકા પ્લેસમાં અંગ્રેજી માધ્યમની શાળાઓ ખૂલી ગઈ છે. શાળા સંચાલકો બાળકો ઉઘરાવવા બસોની વ્યવસ્થા પણ ગોઠવી નાખે છે.

આપણે અમેરિકાની બજાર શિક્ષણ વ્યવસ્થાથી વધારે પ્રભાવિત છીએ. આપણે પોતાનો દેત્ય જીવતો રાખવા વાર તહેવારે મૂલ્ય શિક્ષણની વાતો કરીએ છીએ. પણ શિક્ષણમાં નૈતિક મૂલ્યોનું સદંતર પતન થયું છે. ગીતા ભણાવો, યોગ શિખવાડો, સંસ્કાર શિક્ષણ આપો, ઉત્સવો યોજો એવો દેખાડો કરીએ છીએ પણ વાસ્તવમાં અંગ્રેજી માધ્યમમાં માત્ર વ્યવસાયલક્ષી હેતુથી જ બાળકોને ભણાવાય છે. માટે જે 10મા 12માની બોર્ડની પરીક્ષા આપનાર બાળકને માતૃભાષામાં માત્ર પાસ થવા પૂરતી જ તૈયારી કરવાનું કહેવાય છે અને જે મૂલ્યો, સંસ્કાર, પરંપરા શિખવાડવાં છે તે તો ભાષાના અભ્યાસ વગર આવવાનાં જ ક્યાંથી. બાળકોને વિજ્ઞાન પ્રવાહમાં ભણાવવા મા-બાપ થનગને છે પણ તેનામાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે માટે નહીં તે ડોક્ટર કે એન્જિનિયર બની સુખ સમૃધ્ધિમાં આળોટે તે માટે આ અભિગમ અમેરિકાના બથરવાદનો છે.

વ્યક્તિ તો વ્યવસાયલક્ષી વિચારે જ. શિક્ષણના મૂળ બે જ હેતુ છે. કાં તો માત્ર જ્ઞાન માટે જ્ઞાન અથવા અર્થોપાજન માટે ધ્યાન. વ્યક્તિ વ્યવસાયલક્ષી વિચારે પણ શિક્ષણની આપણે વ્યવસ્થા જ વેપારી મૂલ્યો મુજબ ચાલે તે બજારવાદની આડ અસર છે. માટે જ સરકાર નાના નાના ટેનામેન્ટમાં શોપિંગ કોમ્પલેક્ષના બીજા-ત્રીજા માળે શાળા કોલેજોને મંજૂરી આપે છે. વળી શાળા કોલેજની મંજૂરીમાં પ્રથમ શિક્ષકો અને અધ્યાપકો હોવાં જરૂરી નથી. પ્રોપર્ટી તમારી પાસે મકાન અને મૂડી છે તો તમને શાળા કોલેજ ચલાવવાની મંજૂરી આપવામાં આવશે અને એક વાર મંજૂરી મળે પછી તમે ઓછા પગારે શિક્ષકો અને તગડી ફી સાથે વિદ્યાર્થીઓ રાખી શકશો. આપણે નાણાંની નીતિ વેવ વ્યાપાર હોય, બૂલેટ ટ્રેન જેવા માળખાકીય સુવિધાના નિર્ણયમાં વિદેશી મોડેલનું અનુકરણ કરીએ છીએ. આપણા નેતાઓ, અધિકારીઓ, વારતહેવારે વિદેશ પ્રવાસ કરે છે.જો તેઓ દેશ-વિદેશમાં શું સારું છે તે જુએ છે તો તેમણે અમેરિકાની સાથે યુરોપમાં પણ જવું જોઈએ. (જાય જ છે) યુરોપના 'ફીનલેન્ડ'ની શિક્ષણવ્યવસ્થાના વાર-તહેવારે સમાચારો છપાતા રહે છે. યુરોપના મોટા ભાગના દેશોમાં પ્રાથમિક શાળાઓ સરકારી અને માતૃભાષામાં જ શિક્ષણ આપે છે ત્યાં અંગ્રેજી માધ્યમની શાળાઓ છે. પણ જે તે દેશની માતૃભાષા તો ભણાવાય જ છે. અગાઉ આ લેખમાં લખ્યું હતું તેમ દુનિયાભરમાં દ્વિભાસ પોલીસી સ્વીકારાઇ છે. મધરટંગ અને અધરટંગ. બાળક સાથે બધે જ બાળકોને સાચવવાનાં, રમાડવાનાં, પૌષ્ટિક આહારના તમામ નિયમોનું કડકાઈથી પાલન થાય છે. ખાનગી શાળાઓ જે પ્રમાણમાં ખૂબ ઓછી છે તે વાજબી ફીથી જ ભણાવે છે અને સૌથી અગત્યનું એ કે તમે શાળા કોલેજમાં ગુણવત્તા વગરનાં શિક્ષકો રાખી શકતાં જ નથી અને પગાર નિયમથી ઓછો આપી શકાતો જ નથી. ગુજરાતમાં ગિજુભાઈ બધેકા કે મંડળ મોન્ટેસરીની વાતો હવે વિસરાઇ ગઇ છે. સંપૂર્ણ ગાંધીવાદી સંસ્થાઓ કે ધાર્મિક આગેવાનોએ 'ગુરુકુળ' જેવાં નામોથી ચાલતી શાળાઓમાં પણ ઇન્ટરનેશનલ સ્કૂલના નામે ગોખણિયું જ્ઞાન અપાઇ રહ્યું છે. માટે વેકેશન ખૂલવામાં હોય ત્યારે બાળકો ભલે શિક્ષણની ચિંતા કરે. વાલીઓ-સારાં શાળા સંચાલકો અને સરકારમાં બેઠેલા નિસ્બત ધરાવતા અધિકારીઓ શિક્ષણની વ્યવસ્થા વિશે નિબસ્તપૂર્વક વિચારીએ. શું આપણે માતૃભાષામાં શિક્ષણનું મહત્ત્વ પ્રજાને સમજાવી શકીશું. શિક્ષણના વ્યવસાયમાં વેપાર માટે નહીં સામુહિક જરૂરિયાતની વસ્તુ વાજબી ભાવે પૂરી પાડનારાં લોકોનો મહિમા કરી શકીશું. શું સરકાર સરકારી શાળાઓના કાયાપલટ દ્વારા ખાનગી શાળાઓ સામે સારી સ્પર્ધા પૂરી પાડી શકશે. નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યારે વ્યાયામ શિક્ષક, મિત્ર શિક્ષક, ભાષા અને વિજ્ઞાનનાં શિક્ષકોની પૂરતી સંખ્યામાં ભરતી થશે. શું નવા શૈક્ષણિક સત્ર માટે આપણે ખરેખર તૈયાર છીએ.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

કેરીને ક્યારેય ડાયાબીટીસ થતો નથી..!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

ભગવાન દુઃખ પણ આપે ને સહન કરવા સાથે મારણ પણ આપે. કાંઠે આવી ગયેલો પણ, કેરીગાળો નહિ ચૂકે! જીવ લેવા આવેલો યમરાજ, પણ તેવાનો જીવ લેવાનું ભૂલી જાય! અને કેરીગાળા સુધી રોકાઈ જાય તે અલગ! કેરીનો એવો મહિમા છે દાદૂ!

માણસને જ માત્ર Girl friend હોય એવું નહિ, જીવ માત્રને હોય! જ્યાં જ્યાં વસે પ્રેમનો પ્રવાહ, ત્યાં ત્યાં સદાકાળ વાહ આહ!. કેરી અને ઉનાળાને પણ છે જ ને? અમુક ફળો એની મોસમમાં જ આવે એમ, કેરી ઉનાળામાં જ આવે એ પણ, એક પ્રકારનું બે વચ્ચેનું, 'ઈલુ-ઈલુ' જ કહેવાય! લ્યો, એમાં ખીખીખીખી શું કરવા બેઠા? તમે જ જુઓ ને? સાલી કેરી વગર ઉનાળો નહિ આવે ને, ઉનાળા વગર કેરી નહિ આવે, એને 'ઈલુ-ઈલુ'નહિ તો શું પીલુ-પીલુ કહેવાય કે? પ્રેમ પણ પાછો કેવો? કેરીના ગોટલા કાઢવા નિશાળમાં લાંબુ વેકેશન પણ અપાય બોલ્લો! સારું છે કે, કેરીગાળામાં 'ગોટલા પૂજન' જેવા તહેવાર આવતા નથી! નહિ તો એવું પણ લાવ્યા હોત કે, 'આ ગોટલાદેવનું પૂજન કરવાથી તમારે ત્યાં કેસર જેવી દીકરી ને વલસાડી હાફુસ જેવો દીકરો આવશે!'આ તો એક ગમ્મત!

કોઇ પણ ખેલ લાંબો ચાલતો નથી. ભલું થાજો હવામાન આગાહીનરેશ અંબાલાલકાકાનું, કે કેરીગાળામાં ક્યાંક ક્યાંક વરસાદ ને ટાઢનો પણ માહોલ મોકલે છે. આજકાલ પ્રેમ આંધળો નહિ, રતાંધળો પણ ખરો. તેવાને લીમડાના ઝાડમાં પણ કેરી દેખાય. કેરીના એવા લપ્પુક કે, કેરીગાળો આવે એટલે, સાળીના લગન આવ્યા હોય એમ, ભીના ભીના થઇ જાય. લોખંડના પાયે બેઠેલી સાડાસાતી, વલસાડી હાફુસમાં બેસવાની હોય એવી લાલી આવી જાય. ઉનાળો ફાટ ફાટ થતો હોય, ધગધગતી લૂ ફેંકાતી હોય, સુરજ જાણે ખોળામાં લઈને બેઠા હોય, છતાં, કેરી દીઠી નથી ને ઝાપટી નથી. તેલ લેવા જાય ડાયાબીટીસ! કેરીને ડાયાબીટીસ થતો નથી તો, આપણને શું વળગવાનો એવી ખુમારી આવી જાય! કેરી ખાવાની એવી ચુર ઊપડે કે જીભ લપકારા લેવા માંડે, સ્વાદની ઇન્દ્રિયો નૃત્યાંગનાની માફક મચકાવા માંડે! હાથમાં રસીલી કેરી આવી તો ઉનાળો પણ બરફની ફેક્ટરી જેવો લાગે! સાલું ગજબનું છે હંઅઅઅ? ભગવાન દુઃખ પણ આપે ને સહન કરવા સાથે મારણ પણ આપે. કાંઠે આવી ગયેલો પણ, કેરીગાળો નહિ ચૂકે! જીવ લેવા આવેલો યમરાજ, પણ તેવાનો જીવ લેવાનું ભૂલી જાય! અને કેરીગાળા સુધી રોકાઈ જાય તે અલગ! કેરીનો એવો મહિમા છે દાદૂ!

ઉનાળા અને કેરીની પ્રેમલીલા અમારા જમાનામાં પણ હતી. ચચરાવી નાંખે એવો ઉનાળો સહન કરતાં પણ કેરી નહિ છોડતા. બાપાને તો કહેવાતું જ નહિ કે, 'બાપા ગરમી બહુ લાગે!'કહેવા ગયા તો વાળંદને ત્યાં ઘસડી જઈ, માથે ટકલુ કરાવી દેતા. પછી કહેતા કે, 'જાવ દીકરાઓ હવે જલસા કરો! ચારેય કોરથી ટાઢા પવન ફૂંકાશે! તેમ પણ ગરમી નહિ ગાંઠે તો, કોઇ પણ સરકારી કચેરીમાં લઈ જતા અને ત્યાંના AC ની ટાઢી હવા ખવડાવી લાવતા! ડોહાઓ કોઠાસૂઝવાળા હતા યાર! છેલ્લે પૂંઠાવાળા એકાદ-બે પંખા લઇ આપતા અને ઓપરેટીંગ સીસ્ટમ સમજાવતા કે, 'આ પૂંઠા સામે માત્ર માથું જ હલાવવાનું, પંખો નહિ! પંખો પૂંઠાનો છે, એટલે પૂંઠું તૂટી જાય, માથું તૂટે નહિ!'એના કપાળમાં કાંદા ફોડું! કલ્પના તો કરો કે, હાથના બંને કાંડામાં ઉનાળાએ ખુજલીના માળા બાંધ્યા હોય, એક હાથમાં પૂંઠાનો પંખો હો, બીજા હાથમાં રસીલી કેરી હોય તો, બાળક ખુજલી ખંજવાળવા જાય, કે પંખો હલાવવા? કે પછી કેરી ચૂસવા જાય! પણ અમે એવા કે, ખૂજલી ખંજવાળતા-ખંજવાળતા પણ ૧૦ થી ૧૨ કેરીનો ઘાણ કાઢી નાંખતા! મઝા આવતી યાર?

પેટછૂટી વાત કરું તો, બંદાને પાઈપલાઈનની પણ સૂઝ નહિ. છતાં વાત મેડીકલ લાઈનની કરું તો, કેરી ખાય તો જ માણસમાં ડાયાબીટીસમાં તેજી આવે! નવાઈ એ વાતની લાગે કે, કેરીને ક્યારેય ડાયાબીટીસ થતો જ નથી. બીજી વાત કે, મીઠાશથી જ જો ડાયાબીટીસ થતો હોય તો પ્રેમમાં પડેલાં લોકો હોસ્પિટલમાં હોવાં જોઈએ! પ્રેમલા-પ્રેમલીઓએ તો કેવું મીઠું મીઠું બોલવાનું હોય?

જો કે, કેરીનો નૈસર્ગિક આનંદ માણવો હોય તો, વસવાટ ગામડામાં જઈને કરવો પડે. ગામડાનું સરનામું હોય તો ઔર મઝા આવે. આંબાઓ સાથે પ્રીત થાય, પક્ષીઓ સાથે ઓળખાણ થાય, કોયલોની ચકાસણીમાં પાર ઊતરેલી અને આપમેળે આંબેથી પડેલી કેરીનો અનોખો આનંદ મળે. એ માટે આંબા તળે રહેવું પડે. રેંકડીની ચાહ અને ભજીયાનો સ્વાદ, મોંઘીદાટ ફાઈવ સ્ટાર હોટલ આપી શકતી નથી, એના જેવું! જૂનાગઢની કેસર હોય કે વલસાડની હાફુસ હોય, આજે પણ એનો ઠાઠ નવાબ જેવો! લોકોની દાઢમાં હજી આજે પણ એ સિંહાસન જમાવે.

ખાતરી કરવી હોય તો કરી લેજો, આંબાવાડી કંકુવરણી જલ્દી થતી હોય. મંગળ કે શનિના દોષ પણ આડા નહિ આવે! એટલા માટે કે, લોકો પણ વિચારે કે, આવા વિસ્તારમાં વેવાઈવાડો રાખ્યો હોય તો, ઉનાળામાં કેરીગાળો તો માણવાનો મળે.એટલે પ્રત્યેક સફળ પુરુષની પાછળ જેમ સ્ત્રીનો હાથ હોય છે, એમ આ વિસ્તારને કેરીનો સાથ હોય છે!

બાકી, કેરીમાં પણ કર્મનો સિંધ્ધાંત રહેલો છે મામૂ! કયા આંબાને કેટલાં અને કેવાં ફળ આપવાં એનો હવાલો આજે પણ કુદરત પાસે છે. એક જ વિસ્તારમાં એક આંબો કેરીની આવકથી ફાટફાટ થતો હોય, તો નજીકના આંબાને કોઈએ મૂઠ મારી હોય એમ, કેરી માટે મૂંઝારો પણ હોય. કેરીનું કામકાજ પણ નખરાળી વહુ જેવું! વહુ પિયર ગયા પછી આવે કે નહિ આવે, એની ગેરંટી નહિ, એમ કેરીનું પણ નક્કી નહિ! આવે કે નહિ પણ આવે. જો કે, વહુને લાવવાના તો ઉપાય મળી રહે, કેરીને લાવવા માટે તો હવન-પૂજા પણ કામ નહિ આવે. આંબાની ડાળે લીંબુ-મરચું તો ઠીક, આખી 'લીંબી'બાંધો તો પણ મેળ ના પડે. જ્યારથી અંબાલાલ પટેલની હવામાનની નજર લાગવા માંડી છે ત્યારથી, આંબાઓ પણ નબળા ગ્રહોની ઝાપટમાં આવવા માંડ્યા. 'હોલી ડે સ્પેશ્યલ ટ્રેન'માં માંડ ગણી શકાય એટલા પેસેન્જર હોય એમ, કેરીઓ પણ, ગણાય એટલી જ આંબે આવે. ત્યારે અમુક આંબા ઉપર તો જાણે 'મ્હોર'નો હટવાડો ભરાયો હોય, એમ ગુચ્છા ને ગુચ્છા આવે. ભરચક દેખાય ખરા પણ ટી.વી.માં આવતા સમાચાર જેવું! દેખાડે તેટલું હોય નહિ, માત્ર દેખાડો જ હોય! એમાં પણ બાળમરણ આવે. જગતના તાતને 'ઓછા બાળ જય ગોપાળ'થી ઢેકાર ખાવાનો વખત પણ આવે! આંબા ઉપર કેરી કરતાં ચામાચીડિયાં વધારે દેખાય. કેરી જોઈને મોંઢામાં જેને ઝરા ફૂટવા માંડે, મોંઢું લપલપ થવા માંડે તો માનવું કે, કોઈ સુંદરીએ આપણને જોઈને, 'હાઈ'કહી નાંખ્યું હોય, એવી ગીલીગીલી થવા માંડે. 'આમ હૈ તો જાન હૈ બોસ!

લાસ્ટ ધ બોલ

ચમનિયો ઘણી વાર કહે કે, "ડોક્ટર અને ભગવાન સાથે બગાડવું નહિ. બંને સાથે મધુર-મધુર સંબંધ જ રાખવાના. મધુર મધુર નહિ રહે તો, 'પોચા-પોચા'પણ સંબંધ રાખવાના. કારણ કે, આપણી જીવાદોરી એમના હાથમાં હોય છે. ગમ્મતની વાત કરું તો, ભગવાન સાથે સંબંધ વણસે તો, એ ડોક્ટરને ત્યાં મોકલે અને ડોક્ટર સાથે સંબંધ વણસે તો, એ ભગવાનને ત્યાં મોકલે! ભરોસો નહિ, ક્યા હો જાય! આ તો એક ગમ્મત! પછી તો જેવાં જેનાં કરમ, તેવાં તેને ફળ!

એના કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

જવાબદાર કોણ?

જાણીતા પર્યાવરણ નિષ્ણાત અને દેશપ્રેમી સોનમ વાંક્યૂકને ભારત સરકારે દેશ માટે ખતરો ગણી NSA હેઠળ 170 દિવસ સુધી જોધપુર જેલમાં ગોંધી રાખેલ અને હવે તેની સામેનો હુકમ બિનશરતી રદ કરી જેલમાંથી છુટકારો કરેલ છે. જો સંવાદ અને વિકાસ માટે છોડવાના હતા તો આટલા બધા દિવસો કેમ તેમને ગોંધી રખાયા તે પ્રશ્ન નાગરિકોનાં મનમાં થાય છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે તેમનાં પ્રવચનમાં ક્યાંય હિંસાની ઉશ્કેરણી નથી તો તેમની ધરપકડ કેમ કરી? એ સ્પષ્ટ છે કે સરકારે સોનમની ધરપકડ કરવામાં કાચું કાપ્યું છે. આટલા બધા દિવસો સુધી એક ભારતીય નાગરિકનાં વ્યક્તિ સ્વાતંત્યનો ભંગ થાય તે બંધારણની અવમાનના છે. સર્વોચ્ચ અદાલતે સરકારનો આ બાબતે જવાબ માગી, સરકારની જવાબદારી ઠરાવ સોનમને ગેરકાયદે અટકાયત બદલ વળતર ચૂકવવાના હુકમ કરવો જોઈએ. સર્વોચ્ચ અદાલતે અગાઉ અનેક કેસોમાં વ્યક્તિ સ્વાતંત્યનું મહત્ત્વ સારી રીતે સમજાવેલ છે અને પોલીસ તંત્રને ધરપકડ કરતાં અગાઉ પૂરતી સાવચેતી રાખવા સ્પષ્ટ સૂચના આપેલ છે. સર્વોચ્ચ અદાલતના આદેશનો ભંગ થવા બદલ સર્વોચ્ચ અદાલતે અદાલત તિરસ્કારનાં પગલાં લેવાં જોઈએ.

સુરત - અશ્વિનકુમાર ન.કારીઆ

મહિલાઓ પર વધતા જતા બળાત્કારના કેસો

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો દ્વારા જાહેર કરાયેલા 2024 ના અહેવાલ અનુસાર ભારતમાં દર અઢાર (18) મિનિટે બળાત્કારનો એક કેસ નોંધાય છે. વાસ્તવિક સંખ્યા તો આનાથી અનેક ઘણી વધારે હોવાની પૂરેપૂરી સંભાવના રહેલી છે કારણ કે અસંખ્ય કેસીસ તો નોંધાતા જ નથી. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં સ્ત્રીઓ પર થતા બળાત્કારના કેસો સામાજિક ડરને પરિણામે અને પરિવારના દબાણને કારણે નોંધાતા જ નથી. સમાજમાં બદનામી થવાનો ભય ઉપરાંત કોર્ટમાં કેસની સુનાવણી પણ ખૂબ જ લાંબી ચાલે છે જેને પરિણામે મહિલા માનસિક રીતે થાકી જઈને પરેશાન થતી હોય છે. મહિલાઓ પર થતા બળાત્કારના કેસો એ ખૂબ જ ગંભીર પડકારજનક સામાજિક સમસ્યા છે. સ્ત્રીઓ પર થતા અત્યાચારના બનાવો એ કોઈ પણ સમાજ માટે ચિંતાપ્રેરક અને શરમજનક બાબત છે. આપણા દેશમાં મહિલાઓની સુરક્ષા માટે કડક કાયદાઓ તો અમલમાં છે જ પરંતુ ગુનેગારોને જાણે હવે કાયદાનો ડર જ નથી લાગતો. ફક્ત કાયદો એ ઉકેલ નથી પરંતુ સમાજના વિચારોમાં માનસિક પરિવર્તન આવે એ પણ ખૂબ જરૂરી છે. કોઈ પણ દેશે જો વિકાસ કરવો હોય તો મહિલાઓની સુરક્ષા પણ એટલી જ અગત્યની છે. સંસ્કારી સમાજમાં આવા બનાવો બનતા રહે એ સમાજ માટે કલંક સમાન છે. સમાજમાં ઘટતી જતી નૈતિકતા પણ આવા બનાવવા માટે જવાબદાર છે. મહિલાઓનું સશક્તિકરણ , સ્ત્રીઓનું સન્માન , બેટી બચાવો , સંસ્કૃતિની મહાનતા , સ્ત્રી સમાનતા ની વાતો ઘણી થતી રહે છે અને બીજી બાજુ નારી અસ્મિતા પર હુમલા પણ થતા જ રહે છે. જ્યારે સમાજમાં સ્ત્રી સુરક્ષિત જ નહીં હોય ત્યારે એ સમાજ કે દેશ કેવી રીતે પ્રગતિશીલ કહી શકાય ?

નવસારી - ડૉ. જે. એમ. નાયક

આપણે હવે વસ્તી ઘટાડા તરફ જઈ રહ્યા છીએ?

આપણા હિન્દુ ધર્મમાં એવુ કહેવામાં આવ્યું છે કે દરેક કપલે ઓછામાં ઓછા બે સંતાનો એટલે કે પુત્રો કે પુત્રી ઓ નું આ પૃથ્વીને દાન કરવું કરવું જરૂરી છે જેથી માનવ જાતની બેલેન્સ જળવાઈ રહે હા